## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આપણે હવે આપણાં શહેરમાં એર પ્યોરિફાય ટાવર લગાડવા હજુ વધુ વૃક્ષો વાવવા પડશે...!

# અમિયાપુર પાસે કારની અડફેટે ઈજા પામેલ યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર તપોવન સર્કલ નજીક અમીયાપુર ખાતે એક બાઈક ચાલકને કાર ચાલકે ટક્કર મારી હતી. જેમાં ગંભીર ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું હતું. ચાંદખેડાના આશિષગોપાલ સોસાયટીમાં રહેતા અને રિક્ષા ડ્રાઈવીંગ કરતા રજતભાઈ અંબાલાલ શેઠ (ઉં.વ.૩૭) ગત બુધવારના રોજ રાત્રીના સમયે બાઈક લઈને નીકળ્યા હતા. ત્યારે અમીયાપુર ગામ પાસે જી.જે.૦૧.કે.સી.-૬૬૦૬ કારના ચાલકે બાઈકને ટક્કર મારતા રજતભાઈને માથાતેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બેભાન હાલતમાં તેમને ગાંધીનગર ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન સોમવારના રોજ તેમનું મૃત્યું નિપજ્યું હતું. મૃતકના નાના ભાઈ જયેશ શેઠે કાર ચાલક સામે ગુનો નોંધાવતા અડાલજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા પેચ વર્કનું કામ

# બે-ત્રણ દિવસમાં પૂર્ણ કરી રીપોર્ટ રજૂ કરવા સંબંધિત અધિકારીઓને તાકીદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ચોમાસું સારું રહેતા જિલ્લાના રાજય કક્ષાના માર્ગો પર અમુક અમુક અંતરે મોટા ખાડા પડી જવા અને ધોવાણ થઈ ગયા છે. જેના



આંતરિક અને મુખ્ય માર્ગોનું ધોવાણ થયું હતું. ગાંધીનગર જિલ્લામાં ધોવાયેલ માર્ગોનું પેચ વર્ક કરવાના કામની સમીક્ષા માટે જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ચોમાસું સારું રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે ગાંધીનગર શહેરના આંતરિક, ગ્રામ્ય અને પરિણામે માર્ગ અકસ્માતની પણ શક્યતા નકારી શકાતી નથી. આગામી દિવસોમાં દિવાળીના તહેવારો આવતાં હોવાથી માર્ગો પર વાહનોની અવર-જવર પણ વધશે. જેથી તમામ રાજય, ગ્રામ્ય અને શહેરના આંતરિક માર્ગોનું પેચ વર્કનું કામ બે થી ત્રણ દિવસમાં પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત પાટનગર યોજના વિભાગ-ઉના કાર્યપાલક ઈજનેર કે.ડી. પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં રાજય કક્ષાના ૫૬૦ કિલોમીટર માર્ગ છે. જેમાંથી ૧૪૮ કિલોમીટરના માર્ગ પર ચોમાસા દરમ્યાન નાના મોટા ખાડા પડી જવા અને માર્ગનું ધોવાણ થઈ ગયું હતું. પરંતુ ચોમાસાના વિરામ બાદ તરત જ પેચ વર્કનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. જેમાંથી ૧૨૯ કિલોમીટરના માર્ગનું પેચ વર્ક કામ પૂર્ણ થયું છે. ૧૯ કિલોમીટરનું કામ બાકી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર વિરેન બાવીસાએ જણાવ્યું હતું કે, અમારી હસ્તક જિલ્લામાં કુલ-૧૪૪૬ કિલોમીટર ડામરના રસ્તાઓનો સમાવેશ થાય છે. જેમાં જિલ્લા કક્ષાના મુખ્ય, ગ્રામ્ય અને અન્ય જિલ્લાના માર્ગોનો સમાવેશ થાય છે. આ માર્ગો પર અંદાજે ૭૨.૭૫ કિ.મી લંબાઈના માર્ગની ચોમાસા પછી મરામત કરવા યોગ્ય હોય છે. ૧૮.૫૦ કિ.મી.ના માર્ગ પર પેચ વર્કનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.



છેલ્લા થોડાક સમયથી ખૂબ જ લોકપ્રિય બનેલા કડવા ચોથના વ્રતની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ઉત્તર ભારતમાં લગભગ દરેક મહિલાઓ આ વ્રત કરે છે. ગુજરાતની પરિણિત મહિલાઓ પણ હવે આ વ્રત કરતી થઈ છે. પતિના દિર્ઘાયુ માટે કરવામાં આવતા આ વ્રતની તૈયારીઓના ભાગરૂપે પૂજાપાનો સામાન બજારોમાં ઠેરઠેર વેચાઈ રહ્યો છે.

# કલાર્કની ભરતીમાં શૈક્ષણિક લાયકાત ધો-૧૨ રાખવા માટે એનએસયુઆઈ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર

ગાંધીનગર,તા.૧૫

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટ વર્ગ-૩ માં લઘુતમ શૈક્ષણિક લાયકાત ધો-૧૨ પાસ જ રાખવા માટે ગાંધીનગર



એનએસયુઆઈ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે. જો આમ નહીં કરવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા અને ઉમેદવારો સાથે મળીને ગાંધી ચિંધ્યામાર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખે ઉચ્ચારી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય જુનિયર કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટની પરિક્ષા તાજેતરમાં યોજાનાર હતી.પરંતુ કોઈ કારણોસર પસંદગી મંડળ દ્વારા મોકુફ રખાઈ છે. જેથી ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.ત્યારે મળતી માહિતી મુજબ જુ.કલાર્ક તેમજ આસીસ્ટન્ટની ભરતીમાં લઘુતમ શૈક્ષણિક લાયકાત ધો-૧૨ થી વધારીને સ્નાતક કરવામાં આવી છે. જેને પગલે ખુબ પરિશ્રમ કરતા યુવક-યુવતિઓના ભવિષ્ય જોખમાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કલાર્કની ભરતીની પરિક્ષાની તૈયારીઓ કરતા ઉમેદવારો છેલ્લા એક વર્ષથી તમામ પ્રકારના મોજશોખ છોડીને તેમજ કામકાજ બાજુએ મુકીને પોતાની કારકીર્દી ઉજ્જવળ બને તે માટે રાત દિવસ એક કરી રહ્યા છે. કેટલાક ઉમેદવારોની સામાજીક પરિસ્થિતિ પણ સારી નથી તેમ છતા તેમના માતા-પિતાએ ઉછીના કે વ્યાજે રૂપીયા લઈને મોટા શહેરોમાં તૈયારી માટે મોકલ્યા છે. જયારે ઉમેદવારોએ પણ રાત દિવસ જોયા વિના તૈયારીઓ કરીને નોકરી માટે પ્રયત્નશીલ બન્યા છે.ત્યારે અચાનક સરકારના લઘુતમ શૈક્ષણિક લાયકાતના નિર્ણયથી અનેક ઉમેદવારોએ જોયેલા સ્વપ્ન તુટી જાય તેમ છે. ત્યારે રાજય સરકાર દ્વારા કલાર્કની પરિક્ષાની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધો-૧૨ પાસથી વધારીને સ્નાતક કરવાનો નિર્ણય મોકુફ રાખી મહેનત કરનાર તમામ ઉમેદવારોને એક મોકો આપવામાં આવે તેવી રજુઆત ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અમિત પારેખ, ગાંધીનગર મનપાના કોર્પોરેટર અંકિત બારોટ સહિત મોટીસંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## બિન સચિવાલય કલાર્કની પરીક્ષામાં શૈક્ષણિક લાયકાત ધો-૧૨ પાસ રાખવા બસપાની માંગ

રાજય સરકાર દ્વારા આગામી તા. ૨૦ ઓકટોબરના રોજ બિન સચિવાલય અને ઓફિસ આસીસટન્ટની લેખિત પરિક્ષા રદ કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ હતાશામાં આવી ગયા છે. ત્યારે બહુજન સમાજ પાર્ટીના હોદેદારો અને કાર્યકરો દ્વારા બિન સચિવાલયની પરિક્ષામાં શૈક્ષણિક લાયકાત ધો-૧૨ પાસ રાખવામાં આવે અને ઝડપી પરિક્ષા યોજવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. આ પ્રસંગે બહુજન સમાજ પાર્ટીના પ્રદેશ મંત્રી અને ઝોન ઈન્ચાર્જ પ્રદિપ પરમાર, ગાંધીનગર લોકસભાના પ્રભાવી પ્રવિણ વાઘેલા, જયેન્દ્ર રાઠોડ, ગાંધીનગર જિલ્લા પ્રમુખ ગણેશભાઈ વાઘેલા સહિત કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# વાવોલમાં દિવસે રૂટ ઓછા અને રાત્રે બેફામ દોડતી સિટી બસો

ગાંધીનગર, તા. ૧૫

સ્માર્ટ સિટી ગાંધીનગરમાં વાવોલને શહેરની સિટીબસ સેવાનો સૌથી ઓછો લાભ મળી રહ્યો છે પરંતુ સાંજના સમયથી મોડી રાત્રી સુધી વાવોલમાં સૌથી વધુ સિટીબસોની અવરજવર જોવા મળી રહી છે. વાવોલમાં ક-રોડ પર વિકસેલા ઓનલાઈન સીએનજી ફિલીંગ સ્ટેશનને પગલે સિટીબસોની વાવોલને તેનો કદાચ સૌથી ઓછો લાભ મળે છે કેમ કે 'વાયા વાવોલ'ના રટ સૌથી ઓછા રાખવામાં આવ્યાં છે. વાવોલ ગામની ફરતે છેલ્લાં દસેક વર્ષમાં મોટા પ્રમાણમાં ફલેટ્સ, એપાર્ટમેન્ટ, ટેનામેન્ટ અને ડુપ્લેક્ષ જેવા રહેણાંક મકાનોની સોસાયટીઓ સાથે ઘણો બધો કોમર્શિયલ વિસ્તાર પણ વિકસ્યો

**વાવોલને સિટી બસના સૌથી ઓછા રૂટ ફાળવાયાનો અસંતોષ તો છે પરંતુ રાત્રે સીએનજી ભરાવવા જતી અસંખ્ય સિટી બસોના કેટલાક ચાલકોના ભયજનક ડ્રાઈવીંગથી અકસ્માતનો ખતરો**

અવરજવર રાત્રે ખૂબ વધી જાય છે જેમાં કેટલીક બસોના ચાલકો દ્વારા રાત્રીના સમયે ગામના ખાલી રસ્તા જોઈ રહેણાંક વિસ્તારમાંથી પણ ભજયનક રીતે બસ હંકારવામાં આવી રહી છે જે ક્યારેક અકસ્માતનું કારણ બની શકે તેમ છે.

ગાંધીનગરની સિટીબસ સેવા છેક વાસણિયા મહાદેવ, અડાલજ, મોટેરા કે ચિલોડા અને ઈન્દિરાબ્રીજ એમ તમામ દિશાઓમાં દૂરદૂર સુધી દોડે છે પરંતુ શહેરને અડીને આવેલા છે અને મોટી સંખ્યામાં સ્થળાંતર કરીને આવેલા નાગરિકો વસી રહ્યાં છે જેના કારણે વાવોલની વસ્તી પણ વધવા પામી છે. આમ છતાં અગમ્ય કારણોસર સિટીબસ સેવાના રૂટ વધારવામાં આવતા નથી જેથી વાવોલના નાગરિકોને શટલિયા રીક્ષાઓની તાનાશાહી સહન કરવી પડી રહી છે. એક તરફ સિટીબસ સેવાનો વાવોલને લાભ તો ઓછો મળી રહ્યો છે પરંતુ આજ સિટીબસ સેવાને કારણે આ વિસ્તારમાં અકસ્માત સર્જાવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. જેના કારણે નાગરિકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

વાવોલ વિસ્તારમાં આવતા 'ક' રોડ પર પેટ્રોલપંપ સાથે ઓનલાઈન સીએનજી ફિલીંગ સ્ટેશનની શરૂઆત કેટલાંક સમયથી થઈ છે. જ્યાં સિટીબસ સેવાની બસોની સાંજના આશરે ૮ વાગ્યા પછી મોડી રાત્રી સુધી સીએનજી ગેસ પુરાવવા માટે અવરજવર ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે. આ સિટીબસોના કેટલાક ડ્રાયવર્સ ઘણીવાર એકબીજાથી વહેલા પહોંચવા હોડ લગાવે છે અથવા ઘણા બસ ચાલકો નિયમિત રીતે જ ઓવરસ્પીડમાં ડ્રાઈવ કરે છે. જયારે આ બસોની સીએનજી ફિલીંગ માટેની અવરજવર હોય છે ત્યારે ટ્રાફિકનું પ્રમાણ ગામના માર્ગો પર ઓછુ હોય છે. પરંતુ રહેણાંક વિસ્તાર હોવાથી ગમે ત્યારે કોઈ રાહદારી નાગરિક, સાયકલ ચલાવતુ બાળક કે વયોવૃદ્ધ આ બેફામ દોડતી બસની ટક્કરે ચઢી શકે છે અથવા કોઈ ટુવ્હીલરચાલક સાથે ટક્કર થઈ શકે છે તેથી રાત્રીના સમયે વાવોલમાંથી સીએનજી ભરાવવા જતી સિટીબસોની ગતિ પર રોક લાગે તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

# ધારીસણા ગામેથી જુગાર રમતા ત્રણ એલસીબીના હાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એલસીબી પોલીસે રખીયાલ પોલીસ



સ્ટેશનની હદમાં ધારીસણા ગામના મસુરવાસમાં રેઈડ પાડીને જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને પકડી પાડી રોકડ રૂ. ૧૮,૧૪૦ તેમજ મોબાઈલ સહિત કુલ રૂ.૧૮,૬૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડ અને ડી.એસ.રાઓલ તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે રખીયાલ પોલીસ મથકના વિસ્તારમાં આવેલ ધારીસણા ગામે મસુરવાસમાં રહેતા અયુબકાન અકબરખાન પઠાણ પોતાના ઘરે તેના સાગરીતો સાથે જુગાર રમતા અને રમાડતા પકડી પાડ્યા હતા. ઉપરોક્ત આરોપી સહિત ધર્મેશ વિજય બારોટ રહે.પેથાપુર, તેમજ પ્રકાશ વાલાજી ઠાકોર રહે.બિલમણા પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ. ૧૮૧૪૦ તેમજ એક મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૧૮૬૪૦ નો મુદામાલ કબ્જે કરી રખીયાલ પોલીસ મથકે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## લીંબડીયા ગામે અંગીકાર કેમ્પેઈન અંતર્ગત વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામના જાગૃત નાગરિકો તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી જનજાગૃતિ અન્વયે અંગીકાર કેમ્પેઈન અંતર્ગત શાળાના બાળકો દ્વારા સ્કૂલરેલી અને વૃક્ષારોપણનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશેષ સ્વચ્છ ભારત મિશન, કચરાનુ વ્યવસ્થાપન, આયુષ્યમાન ભારત કાર્ડ ઉજ્જવલા એલ.પી.જી. જોડાણ, એલ.ઈ.ડી. લાઈટ, જળ સંરક્ષણ, વૃક્ષારોપણ, ઉર્જા સંરક્ષણ, પર્યાવરણ સુરક્ષા, સૂર્ય વિદ્યુત ઉર્જાના વિવિધ મુદ્દાને આવરી લેતાં જનજાગૃતિનો સંદેશ પત્રિકા સાથે રેલી પ્રચાર કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઔડાના અધિકારી નરેન્દ્રભાઈ મહેતા કન્સલન્ટ સંજયભાઈ પ્રજાપતિ, ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ, તલાટી કમ મંત્રી બી.એમ. ઠાકોર, શાળાના આચાર્ય નિરંજનબેન પટેલ તેમજ પ્રાથમિક શાળાના સ્ટાફ મિત્રો ગ્રામજનો અને બાળકોએ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# પરીક્ષા રદ થતાં ૧૦.૪૫ લાખ બેરોજગારોએ ૧૧ કરોડ ખોયા

## ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓની કફોડી હાલત : રાજ્યના ૧૦.૪૫ લાખ વિદ્યાર્થીઓની પાસેથી ઉમેદવાર દીઠ ૧૧૨ ઉઘરાવ્યા હતા : ઉમેદવારમાં જોરદાર આક્રોશ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળે તા.૨૦મી ઓક્ટોબર લેવાનારી બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટ માટેની ભરતી પરીક્ષા રદ કરવાનો નિર્ણયને લઈ હાલ બહુ મોટો વિવાદ સર્જાયો છે અને ખુદ રાજય સરકાર કઠેડામાં આવી ગઈ છે. સમગ્ર રાજ્યમાંથી ૧૦.૭૫ લાખ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા. જો કે, છેલ્લી ઘડીયે ૧૦ લાખ ૪૫ હજાર ઉમેદવારોને પરીક્ષા રદ અંગેની માહિતી વેબસાઈટ પર મુકાઈ હતી. આ પરીક્ષાર્થી ઉમેદવારોએ ફોર્મ માટે ઉમેદવાર દીઠ રૂ. ૧૦૦ વત્તા ૧૨ પોસ્ટલ ચાર્જીસ સહિત કુલ ૧૧૨ રૂપિયા ફી ઓનલાઈન ભરી હતી. પરીક્ષા રદ થતા ૧૦.૪૫ લાખ વિદ્યાર્થીઓને ૧૦,૭૦,૪૦૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. પરીક્ષા રદ થવાને લઈ લાખો ઉમેદવારોમાં ભારોભાર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. સરકારે હજુ સુધી નવી પરીક્ષાની તારીખ કે ઉમેદવારોને ફીમાં રાહત અંગે પણ કોઈ સ્પષ્ટતા કરી નથી જે પણ બહુ ગંભીર બાબત છે. ખાસ કરીને ધોરણ-૧૨ પાસની લાયકાત રદ કરી તેના બદલે સ્નાતકની જ લાયકાત માન્ય રાખવાનો નવો નિર્ણય કરાયો છે, તેના કારણે આ પરીક્ષા માટે ધોરણ-૧૨ પાસના લાખો ઉમેદવારોએ કરેલી ભારે તૈયારી અને મહેનત પર પાણી ફરી વળ્યું છે અને ધોરણ-૧૨ પાસ ઉમેદવારોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. જેથી તેમની હાલત તો સૌથી વધુ કફોડી બની છે. સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા રદ થવાની સાથે ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓને પણ આ પરીક્ષામાંથી બાકાત રાખવાનું સરકારે અચાનક નિર્ણય કરતા છેલ્લા દોઢ વર્ષથી આ પરીક્ષાનું ફોર્મ ભરીને તેની તૈયારી કરી રહેલા ધોરણ-૧૨ પાસ ઉમેદવારોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. ખાસ કરીને તેજસ્વી વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં સારા માર્કર્સ મેળવી નોકરી મેળવવા માટે સતત ૧૦થી ૧૨ કલાક મહેનત કરી હતી. જયારે અનેક વિદ્યાર્થીઓએ મોટી ફી ભરીને ખાનગી ટ્યુશનોમાં પણ તૈયારી કરી હતી. આવા લાખો વિદ્યાર્થીઓ સરકારના નિર્ણયથી હતાશ થઈ ગયા છે. સૌથી પહેલા પરીક્ષા આપતા ઉમેદવારાએ ઓજસ વેબસાઈટ પર પોતાની અરજી સબમીટ કરીને તેની નકલ મેળવીને પોસ્ટ ઓફિસમાં જઈને પરીક્ષા ફી પેટે ઉમેદવાર દીઠ રૂપિયા ૧૦૦ રોકડા અને રૂ. ૧૨ પોસ્ટલ ચાર્જીસ સાથે કુલ ૧૧૨ રૂપિયા ભર્યા હતા. આમ સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૦.૪૫ લાખ વિદ્યાર્થીઓએ ઉમેદવાર દીઠ ૧૧૨ રૂપિયા ભર્યા હતા. આ અગાઉ પણ બે વાર અલગ અલગ કારણોસર પરીક્ષા રદ કરવામાં આવી હતી. રાજ્યમાંથી ૧૦.૭૫ લાખ ઉમેદવારોમાંથી સૌથી વધુ ૧.૫૦ લાખ ઉમેદવારો અમદાવાદમાંથી પરીક્ષા આપવાના હતા. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાંથી એક લાખથી વધારે ઉમેદવારો પરીક્ષા આપવાના હતા.

# પરિણિતાને આત્મહત્યા માટે દુષપ્રેરણ કરવાના કેસમાં બે આરોપીને સજા

ગાંધીનગર તા૧૫

પેથાપુરમાં પરિણીતાને શારિરીક માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરી આત્મહત્યા માટે દુષપ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે બે આરોપીઓને સજા ભોગવવા હુકમ કર્યો છે. જેમાં પરિણિતાના પતિને બે વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર પેથાપુરમાં દેવભુમિ હોમ સોસાયટીમાં રહેતા સોનલબાને તેમના પતિ તેમજ સાસુ અને નણંદો દ્વારા દહેજમાં કાંઈ લાવ્યા ન હોવાનુ કહી શારિરીક માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. તા ૧૧ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૫ના રોજ સોનલબા સાથે તેમની સાસરીવાળાએ ઝઘડો કરી અસહ્ય ત્રાસ આપ્યો હતો જયારે આ ત્રાસ સહન ન થતા તેમને લાગી આવતા સવારના સમયે મકાનનો દરવાજો બંધ કરી તેમના દોઢ વર્ષના દિકરા સાથે સળગી ગયા હતા. આ બનાવમાં માતા પુત્રનુ મોત નિપજયુ હતુ. આ બનાવ સંદર્ભે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી આરોપી સુરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચાવડા,કૈલાસબા વિક્રમસિંહ ચાવડા સહીતના આરોપીઓ વિરુધ્ધ તપાસ હાથ ધરી હતી જયારે આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસ તેમજ જીગ્નેશ એચ જોષીએ દલીલો કરી હતી જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ આઈ જે વોરાએ આરોપી સુરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચાવડાને બે વર્ષની તેમજ કૈલાસબા વિક્રમસિંહ ચાવડાને એક વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

# પેટાચૂંટણી : ભાજપ-કોંગી દ્વારા તાકાત લગાવી દેવાઈ

અમદાવાદ, તા. ૧૫

ગુજરાતમાં છ સીટો ઉપર યોજાનાર પેટાચૂંટણીને લઈને કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી રહી છે. મતદારોને પ્રભાવિત કરવા માટે તમામ પ્રયાસો થઈ રહ્યા છે. અમરાઈવાડી, રાધનપુર, થરાદ, બાયડ, લુણાવાડામાં સભાઓનું આયોજન થઈ રહ્યું છે. કોંગ્રેસ પાર્ટીએ પણ આ વખતે તાકાત લગાવી દીધી છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણી છથી વધુ ચૂંટણી સભાઓ યોજી રહ્યા છે.

આવતીકાલે પરેશ ધનાણી થરાદમાં સભાઓ કરનાર છે. અમરાઈવાડી, રાધનપુરમાં સભાઓ યોજ્યા બાદ પરેશ ધનાણી આવતીકાલે થરાદમાં સભા યોજશે. ત્યારબાદ ગુરુવારના દિવસે બાયડમાં, ૧૮મી ઓક્ટોબરના દિવસે પણ સભા કરશે. શનિવાર અને શુક્રવારના દિવસે પણ તેમના કાર્યક્રમો રહેલા છે. અમદાવાદની અમરાઈવાડી વિધાનસભા ક્ષેત્રમાં પણ જોરદાર કાર્યક્રમોનો દોર ચાલી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીને ભીંસમાં લેવાના પ્રયાસો કોંગ્રેસ તરફથી કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. પેટાચૂંટણીમાં કોની પાસે કેટલી સીટો આવશે તેને લઈને બંને પાર્ટીઓ આશાવાદી દેખાઈ રહી છે. રાધનપુર વિધાનસભા સીટ પરથી કોંગ્રેસના ઉમેદવારના પ્રચાર માટે રાજ્યના ટોચના સ્થાનિક નેતાઓ પહોંચી રહ્યા છે.

બીજી બાજુ ભારતીય જનતા પાર્ટી પણ પાછળ નથી. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદીની સુનામી હેઠળ ગુજરાતમાં સતત બીજી વખત ભારતીય જનતા પાર્ટીએ તમામ ૨૬ બેઠકો જીતી હતી ત્યારબાદ ચૂંટાયેલા સભ્યો તરફથી કેટલીક સીટો પરથી રાજીનામા આવ્યા બાદ આ પેટાચૂંટણી યોજાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી પણ ભારતીય જનતા પાર્ટીના ગઢમાં ગાબડા પાડીને કેટલીક સીટો જીતવા માટે આશાવાદી છે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીનો દેખાવ સારો રહ્યો હતો જેથી પ્રચારમાં તાકાત લગાવી છે.